# ભારતીય જનતા યુવા મોર્ચો

''પંડિત દીનદયાળ ભવન'', ભારતીય જનતા પાર્ટી કાર્યાલય, સત્યનગરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૧૩/૦૪/૨૦૧૭

તંત્રીશ્રી,

...............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

- **આગામી તા. ૧૬ એપ્રિલના રોજ સુરત ખાતે પધારતા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને આવકારવા સુરત શહેરની જનતાને જાહેર આમંત્રણ આપવાનો કાર્યક્રમ યોજાયો.**

ભારતીય જનતા યુવા મોર્ચા સુરત અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ દેસાઈ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

સુરત મહાનગર ખાતે તા. ૧૬/૦૪/૨૦૧૭ ના રોજ પધારનાર આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને આવકારવા સુરત શહેરની જનતા થનગની રહી છે. ત્યારે ભારતીય જનતા યુવા મોરચા સાથે વિદ્યાર્થી નેતાઓ અને કુલી એસોસીએશન દ્વારા સુરત રેલ્વે સ્ટેશન ખાતે સરદાર પટેલની પ્રતિમા પાસે ''ચાઈ પે ન્યોતા''નો કાર્યક્રમનું આયોજન થયું. જેમાં સુરતની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ તેમજ કુલી એસોસીયેશન સાથે જોડાયું જે કાર્યક્રમ અંતર્ગત સુરતની જનતાને ચા પીવડીવી સાથે નરેન્દ્રભાઈ મોદીને ૧૬ મી તારીખે આવકારવા આમંત્રણ આપવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સુરત ભારતીય જનતા યુવા મોરચા પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ દેસાઈ, મહામંત્રી શ્રી મોનીલભાઈ ઠાકર અને મહામંત્રી શ્રી પંકજભાઈ તિવારી તેમજ સુરત લોકસભાના સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ તેમજ વિધનસભાના દંડક શ્રી અજયભાઈ ચોકસી, પ્રદેશ મંત્રી શ્રી દર્શિનીબેન કોઠીયા, સુરત શહેરના ઉપપ્રમુખ શ્રી પી.વી.એસ. શર્મા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહી સુરત રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન અને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે એમ કુલ મળી ત્રણ હજાર શહેરી જનતાને આમંત્રણ પાઠવ્યું અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.